પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૨૩ | ૫ ફેબ્રુઆરી, ૨૦૨૩, રવિવાર; મહા સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ગુજરાતમાં જંત્રી બમણી કરવા નિર્ણય

**સમગ્ર રાજ્યમાં સોમવારથી તેનો અમલવારી શરૂ થશે : એડહોક ધોરણે નવી જંત્રી અમલમાં રહેશે : સર્વે સહિતની કામગીરી ચાલુ રહેશે : બાર વરસ બાદ જંત્રીમાં વધારો**

ગાંધીનગર, તા.૪

ગુજરાતમાં ૧૨ વર્ષ બાદ ગુજરાતમાં જંત્રીના ભાવ ડબલ થઈ ગયા છે. સરકારે આ મામલે આજે ઠરાવ પસાર કરી દીધો છે. આવતીકાલથી જંત્રીના નવા ભાવ અમલમાં આવી જશે. જેને પગલે ગુજરાતના ખેડૂતોને તો સૌથી મોટો ફાયદો થશે. બીજી તરફ જમીન અને મકાનોના ભાવમાં મસમોટો વધારો થશે.

ગુજરાતમાં ભાજપની વિજય રૂપાણીની સરકારે પણ ૨૦૧૯માં જંત્રીના દરોમાં સુધારો કરવાનો નિર્ણય કર્યો હતો પરંતુ રાજકીય દબાણને કારણે તેઓ નિર્ણય લઈ શક્યા ન હતા. એ સમયે મહેસૂલ અને શહેરી વિકાસ વિભાગ સહિત સબંધિત વિભાગોના અધિકારીઓએ ૨૦૧૧ની જંત્રીના દરોમાં ૨૦ થી ૪૦ ટકા સુધીનો વધારો સૂચવ્યો હતો. જો કે આ દરો માટે બનાવવામાં આવેલા ડ્રાફ્ટને લાગુ કરી શકાયો ન હતો. આજે ભૂપેન્દ્ર પટેલ સરકારે નવો જીઆર બહાર પાડ્યો છે. જેનો અમલ આવતીકાલથી જ થશે.

ગુજરાત રાજયમાં ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની કલમ ૩૨-કના અસરકારક અમલ માટે રાજય સરકાર દ્વારા સમગ્ર રાજયની જમીનો સ્થાવર મિલકતોની બજાર કીંમત નકકી કરવા માટેની ગાઈડ લાઈન વેલ્યુ (જંત્રી) સમયાંતરે નકકી કરવામાં આવે છે. હાલમાં રાજયમાં આ વિભાગના ઉપર સંદર્ભ (૧) માં જણાવેલ તા.૧૮/૦૪/૨૦૧૧ ના ઠરાવી જંત્રી (એન્યુઅલ સ્ટેટમેન્ટ ઓફ રેટસ )-૨૦૧૧ ના ભાવો તા.૧૮/૦૪/૨૦૧૧ થી અમલમાં મુકવામાં આવી છે. સદર ભાવ છેલ્લા ૧૨ વર્ષથી અમલમાં છે.

રાજયમાં થતા ઝડપી વિકાસ અને ઔધોગિક, શહેરી અને ગ્રામ્ય વિકાસ અને આર્થિક પ્રવૃતિઓને લીધે બદલાતી પરિસ્થિતિ ધ્યાનમાં લઈ રાજયમાં આ ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. રાજયના વિકાસને વેગ મળતો રહે અને આ વધેલા ભાવો

મુજબ નાગરિકોની સ્થાવર મિલ્કતના બજારભાવ નક્કી થઈ શકે તે માટે જંત્રી (એન્યુઅલ સ્ટેટમેન્ટ ઓફ રેટસ )-૨૦૧૧ ના ભાવોમાં વધારો કરવો જરૂરી બન્યો છે. રાજયમાં ગુજરાત સ્ટેમ્પ (મિલકતની બજાર કિંમત નકકી કરવાના) નિયમો ૧૯૮૪ના નિયમ

● અનુસંધાન પાન-૭ પર

# સુપ્રીમ કોર્ટમાં ૫ જજની નિમણૂકને મંજૂરી અપાઈ

**કેન્દ્રીય કાયદા મંત્રી કિરેન રિજિજુએ ટ્વિટ કરીને આ અંગેની માહિતી આપી : તેમણે ૫ જજોને શુભેચ્છા પાઠવી**

નવી દિલ્હી, તા.૪

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં ૫ જજોની નિમણૂકને મંજૂરી આપી દીધી છે. કેન્દ્રીય કાયદા મંત્રી કિરેન રિજિજુએ ટ્વિટ કરીને આ અંગેની માહિતી આપી હતી. તેમણે ૫ જજોને શુભેચ્છાઓ પાઠવી છે. જેમાં રાજસ્થાન હાઈકોર્ટના ચીફ જસ્ટિસ પંકજ મિથલ, પટના હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સંજય કરોલ, મણિપુર હાઈકોર્ટના ચીફ જસ્ટિસ પી.વી. સંજય કુમાર, પટના હાઈકોર્ટના જજ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને અલાહાબાદ હાઈકોર્ટના જજ મનોજ મિશ્રા સામેલ છે.

સુપ્રીમકોર્ટના કોલેજિયમે ગયા વર્ષે ૧૩ ડિસેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટમાં પ્રમોશન માટે પાંચ જજોના નામની ભલામણ કરી હતી. તેમની નિમણૂકમાં વિલંબને લઈને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સામે નારાજગી વ્યકત કરી હતી. કિરેન રિજિજુએ શનિવારે ટ્વિટ કરી હતી કે ભારતીય બંધારણની જોગવાઈ હેઠળ રાષ્ટ્રપતિએ હાઈકોર્ટના ૫ ચીફ જસ્ટિસ અને જજોને સુપ્રીમ કોર્ટના જજ તરીકે નિયુક્ત કર્યા છે. તે બધાને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

# બિહારમાં એનઆઈએના દરોડા

**અયોધ્યા રામ મંદિર ઉડાવવાનું ષડયંત્ર! : ૮ શંકાસ્પદોને દબોચ્યા : જે લોકોને દબોચવામાં આવ્યા છે એમાં પીએફઆઈનો બોસ રિયાઝ મારુફ પણ સામેલ છે, રિયાઝનું નામ ગયા વર્ષે ફુલવારીશરીફમાં પીએફઆઈનું ટ્રેનિંગ સેન્ટર ચલાવવામાં પણ સામે આવ્યું હતું**

મોતિહારી,તા.૪

બિહારમાંથી નિર્માણધીન અયોધ્યા રામ મંદિરને ઉડાડવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું હતું. આ વાતની જાણ સુરક્ષા એજન્સીઓને થઈ હતી. એ પછી NIAની ટીમે શુક્રવારની રાત્રે બિહારમાં ધામા નાખ્યા હતા.



બાદમાં NIAની ટીમે રેડ પાડીને ૮ શંકાસ્પદ લોકોને ઝડપી પાડ્યા હતા. જેમાં બદનામ સંગઠન પીએફઆઈનો રિયાઝ મારુફ પણ સામેલ છે. આ દરમિયાન આ તમામ લોકોની પૂછપરછ કરવામાં આવી હતી. ફ્રેંછની ટીમે રેડને ચકિયા પોલીસ સ્ટેશનના કુંઅવા ગામમાં અંજામ આપયો હતો. આ દરમિયાન ૮ શંકાસ્પદ લોકોની પણ અટકાયત કરવામાં આવી હતી. આ રેડ વખતે સ્થાનિક પોલીસની ટીમ પણ NIAની સાથે હતી. શુક્રવારની મોડી રાત્રે NIAની ટીમે કુંઅવા ગામમાં પહોંચી હતી અને દરોડા પાડ્યા હતા. દરોડા પાડીને NIAની ટીમે ૮ શંકાસ્પદ લોકોને દબોચ્યા હતા. એ પછી તેમની પૂછપરછ કરવા માટે પટણા લઈ જવામાં આવ્યા હતા. તમને જણાવી દઈએ કે ૩૧ જાન્યુઆરીના રોજ નેપાળના જનકપુર ધામની ગંડકી નદી નીકળેલા શાલિગ્રામ પથ્થરોને પૂર્વ ચંપારણના રસ્તે અયોધ્યા લાવવામાં આવ્યા હતા. પૂર્વ ચંપારણના ચકિયા થઈને શાલિગ્રામ પથ્થરને લઈને નીકળતી વખતે સોશિયલ મીડિયા ફેસબુક પર વિડીયો કોલ કરીને ધમકી આપતો વિડીયો સામે આવ્યો હતો. પ્રાપ્ત જાણકરી મુજબ, જે લોકોને દબોચવામાં આવ્યા છે એમાં પીએફઆઈનો બોસ રિયાઝ મારુફ પણ સામેલ છે. રિયાઝનું નામ ગયા વર્ષે ફુલવારીશરીફમાં પીએફઆઈનું ટ્રેનિંગ સેન્ટર ચલાવવામાં પણ સામે આવ્યું હતું. એ દરમિયાન પણ NIA પટણા, લખનૌ અને દિલ્હીની ટીમને ચકિયાના કુંઅવા ગામમાં દરોડા પાડ્યા હતા, પરંતુ રિયાઝ મારુફ તેમના હાથમાં આવ્યો નહોતો. મહત્વનું છે કે, અયોધ્યા રામ મંદિર પરિસરને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા તમામ સુરક્ષા એજન્સીઓ સતર્ક બની ગઈ હતી.

# રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ગાયિકા વાણી જયરામનું દુઃખદ અવસાન

ચેન્નઈ, તા.૪

સંગીત જગત માટે દુઃખદ સમાચાર સામે આવી રહ્યા છે. રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા સુપ્રસિદ્ધ ગાયિકા વાણી જયરામનું નિધન થયું છે. તેમનું અવસાન ૭૭ વર્ષની ઉંમર ચેન્નઈ ખાતે તેમના ઘરમાં થયું છે. તેમના નિધનના સમાચારે સૌને ચોંકાવી દીધા છે. સર્વત્ર શોકનો માહોલ છવાઈ ગયો છે. જોકે ગાયિકાનું મૃત્યુ કેવી રીતે થયું તે અંગે કોઈ જાણકારી નથી.




# ભારતીય જિમ્નેસ્ટ દીપા કર્માકર પર ૨૧ માસનો પ્રતિબંધ લદાયો

**પ્રતિબંધિત પદાર્થ હાઇજેનામાઇન લીધો હોવાનું પુરવાર થયું**

નવી દિલ્હી, તા.૪

ભારતીય જિમ્નાસ્ટ દીપા કર્માકર પ્રતિબંધિત પદાર્થનું સેવન કરવાને કારણે ચર્ચામાં આવી છે.



ઈન્ટરનેશનલ ટેસ્ટિંગ એજન્સીએ દીપા પર પ્રતિબંધ લગાવી દીધો છે. ભારતીય જિમ્નાસ્ટ દીપા કર્માકર પર પ્રતિબંધિત પદાર્થ હાઈજેનામાઈન લેવા માટે ઈન્ટરનેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા ૨૧ મહિના માટે પ્રતિબંધિત કરવામાં આવી છે.

દીપા ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર પ્રથમ જિમ્નાસ્ટ હતી. દીપાએ રિયોમાં ૨૦૧૬ ઓલિમ્પિક ગેમ્સમાં ચોથું સ્થાન મેળવ્યું હતું. આ પછી તે રાતોરાત લાઈમલાઈટમાં આવી ગઈ અને મેડલ જીત્યા વિના સ્ટાર બની ગઈ. આ પહેલા દીપા કર્માકરે ૨૦૧૪ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. દીપા આવું કરનારી પ્રથમ મહિલા જિમ્નાસ્ટ હતી.

# હિમાચલ પ્રદેશમાં બે ટ્રક અને કાર નાળામાં પડ્યા

હિમાચલ પ્રદેશ, તા.૪

હિમાચલ પ્રદેશના ચંબા-ખડામુખ-હોલી રસ્તા પર ચૌલી નાળા પર બનેલો વેલી બ્રિજ અચાનક તૂટી પડ્યો હતો. આ બ્રિજ પરથી પસાર થઈ રહેલાં બે વાહન બ્રિજ સહિત નાળામાં જઈને પડ્યા હતા. આ દુર્ઘટનામાં એક યુવકનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. જે બાદ તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ થતાં જ તંત્ર દ્વારા

● અનુસંધાન પાન-૭ પર




**ફ્લેટ વેચાણ**

3BHK ફ્લેટ, વેર ફર્નિશ્ડ, ગેસ પાઈપ લાઈન ફીટીંગ, ૩ ટોયલેટ, એ-બ્લોક, ૬ઠ્ઠો માળ, રાધે રેસીડેન્સી, કુડાસણ, તાત્કાલિક વેચવાનો છે.

સંપર્ક
72010 05248
97232 79055

**ફ્લેટ વેચાણ**

ટાઈટલ ક્લીયર, 2BHK, ૧૧૦ વાર, પ્રથમ માળ, કોર્નર, પરિમલ એપાર્ટમેન્ટ, સેક્ટર-૭/બી, ગાંધીનગર.

મો. : ૭૦૪૩૧ ૩૦૩૪૦
દલાલ માફ

